
**GSCEDC** (A Govt. of Gujarat Undertaking)



# વાર્ષિક અહેવાલ

## ૧૯૮૩-૮૪

## ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક
## વિકાસ નિગમ લિ.
## ગાંધીનગર

# ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડ
## ગાંધીનગર

## ૧૯૮૩—૮૪

સંચાલક મંડળ :

૧. અધ્યક્ષ :—શ્રી રેવાભાઈ એસ. પરમાર (બિન સરકારી)

મેનેજીંગ ડીરેકટર :

(૧) શ્રી સી. આર. સમાજપતિ આઈ. એ એસ. (તા. ૯/૮/૮૩ સુધી)

(૨) શ્રી એન. બી. ધ્રાંગધરીયા (તા. ૧૦/૮/૮૩ થી ૧/૧૧/૮૩ સુધી)

(૩) શ્રી આર. એસ. છાયા (તા. ૨/૧૧/૮૩ થી ચાલુ)

સંચાલક મંડળના સભ્યો :

અ : બિન સરકારી :

૧. શ્રી પુંજાભાઈ વાલાભાઈ સારીખડા,
૨. શ્રી વિઠ્ઠલભાઈ આર. ચૌહાણ,
૩. શ્રી અંબાલાલ એસ. નાડીયા,
૪. શ્રી ભાણાભાઈ ભારતી,
૫. શ્રી જશવંતભાઈ મકવાણા,
૬. શ્રી નારણભાઈ પી. ચાંચીયા,
૭. શ્રી હરીભાઈ આર. ડોરીયા,
૮. શ્રી મોતીભાઈ એમ, ચાવડા,
૯. શ્રી મણીલાલ આર. શ્રીમાળી,
૧૦. શ્રી ઈશ્વરલાલ એન. પરમાર,
૧૧. શ્રી કાંતિલાલ એમ. મકવાણા,
૧૨. શ્રી હમીરભાઈ રાજારામ માંગલીયા,

**બ સરકારી :**

૧. શ્રી એન. બી. ધ્રાંગધરીયા, નાયબ સચિવ, (૧૯/૧૧/૧૯૮૨ થી)

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

૨. શ્રી એલ. માનસિંહ નાયબ સચિવ અને નિયામક,

(સંસ્થાકીય નાણા વિભાગ) નાણા વિભાગ.

૩. શ્રી જી. એલ. ભગત, નિયામક,

સમાજ કલ્યાણ ખાતુ, અમદાવાદ.

૪. શ્રી એમ. પી. પીન્ટો (તા, ૧/૨/૮૪ સુધી)

હેન્ડલુમ ટેક્ષટાઈલ ડીપાર્ટમેન્ટ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હી.

૪. (અ) શ્રી ડી. એસ. મિશ્રા (તા. ૨/૨/૮૪ થી)

સંયુકત સચિવશ્રી, શિક્ષણ મંત્રાલય, ન્યુ દિલ્હી.

૫. શ્રી જી. સુબારાવ, નિયામક મીનીસ્ટ્રી ઑફ હોમ,

ગવર્મેન્ટ ઑફ ઈન્ડીયા, ન્યુ દિલ્હી, (તા. ૧/૨/૮૪ સુધી)

૫. (અ) શ્રી ડી. બી. એસ. સોહલ, (તા. ૨/૨/૮૪ થી)

નાયબ સચિવશ્રી, ગૃહ મંત્રાલય, ન્યુ દિલ્હી,

૬. આમંત્રિત, શ્રી આર. એન. કવાત્રા

---

**ઓડીટર્સ :** મેસર્સ પી. એન વડવાલા એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અમદાવાદ.

# ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડ
# ગાંધીનગર

## સંચાલકોનો અહેવાલ

પ્રતિ,

ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગરના સભાસદો.

આપના નિગમના તા. ૩૧મી માર્ચ–૧૯૮૪ના રોજ પુરા થતાં વર્ષ માટેના નાણાંકીય પરિણામો તેમજ કામગીરીને આવરી લેતો ૪, થો વાર્ષિક અહેવાલ સંચાલકો દ્વારા રજુ કરવામાં આવે છે.

શેરમૂડી :

| | | |
|---|---|---|
| અધિકૃત શેર મૂડી | — | ૮.૦૦ કરોડ |
| ભરપાઈ થયેલ શેર મૂડી | — | ૭.૮ કરોડ |

શેરમૂડીમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો સહયોગ અનુક્રમ ૫૧ : ૪૯ના ગુણોત્તરમાં છે.

નાણાંકીય પરિણામો :

| | ચાલુ વર્ષ | આગળનું વર્ષ |
|---|---|---|
| ૧ આવક : | રૂા. (લાખમાં) | |
| ૧–૧ વ્યાજ | ૬૫.૨૧ | ૪૭.૯૦ |
| ૧–૨ સરકારશ્રી તરફથી મળેલ વહીવટી ગ્રાન્ટ | ૧૦.૦૦ | ૧૫.૦૦ |
| ૧–૩ અન્ય | ૦.૦૧ | — |
| કુલ : | ૭૫.૨૨ | ૬૨.૯૦ |

| | ચાલુ વર્ષ | રૂા. (લાખમાં) આગળનું વર્ષ |
|---|---|---|
| ૨ : ખર્ચ | | |
| ૨–૧ લોન પર વ્યાજ | ૧૨.૨૧ | ૧૦.૧૭ |
| ૨–૨ વહીવટી અને ઓફીસ ખર્ચ | ૧૮.૪૪ | ૧૮.૬૪ |
| કુલ : | ૩૦.૬૫ | ૨૮.૮૧ |
| ૩ : ઘસારા અને જોગવાઈ પહેલાનો આવક વધારો | ૪૪.૫૭ | ૩૪.૦૯ |
| ૪ : બાદ | | |
| ૪–૧ ઘસારો | ૦.૮૮ | ૧.૦૮ |
| ૪–૨ શંકાશીલ લેણા તથા માર્જીનમની ડીપોઝીટની જોગવાઈ | ૧૬.૪૧ | ૧૫.૦૧ |
| | ૧૭.૨૯ | ૧૬.૦૯ |
| ૫ : આવકનો વધારો આગલા વર્ષ લઈ ગયાં | ૨૭.૨૮ | ૧૯.૦૦ |

# વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ

૧. સબસીડી યોજના :

નિગમ દ્વારા લાભાર્થી દીઠ ૧૦૦% સબસીડી (રૂા. ૭૫૦/–ની મહત્તમ મર્યાદામાં) ચુકવવાની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ નિગમ દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન નીચે પ્રમાણે સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે.

| વિગત | નાના અને કુટિર ઉદ્યોગો માટે મંજુર કરવામાં આવેલ સબસીડી. | | દુધાળા ઢોર માટે મંજુર કરવામાં આવેલ સબસીડી | |
|---|---|---|---|---|
| | લાભાર્થીની સંખ્યા | રકમ (રૂા.) (લાખમા) | લાભાર્થીની સંખ્યા | રકમ (રૂા.) (લાખમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| વર્ષ. | | | | |
| ૧૯૮૩–૮૪ દરમ્યાન | ૨૩.૫૮૧ | ૧૬૭.૨૩ | ૫૧૪ | ૩.૪૨ |
| ૩૧–૩–૮૪ સુધી | ૮૭.૧૯૦ | ૬૨૫.૨૯ | ૫.૪૩૧ | ૩૩.૮૯ |

૨ : સીમાન્ત નાણાં ડીપોઝીટ યોજન

સદર યોજના હેઠળ બેન્કો દ્વારા કરવામાં આવતાં ધિરાણનાં ૨૫% રકમ સીમાન્ત નાણાં ડીપોઝીટ યોજના હેઠળ આપવામાં આવે છે. નિગમ દ્વારા આ યોજના હેઠળ નીચે પ્રમાણે પ્રગતિ થયેલ છે.

| વિગત | લાભાર્થીની સંખ્યા | સિમાંત નાણાં ડીપોઝીટ તરીકે આવેલ રકમ (રૂા. લાખમાં) | સંસ્થાકીય લોનની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| વર્ષ | | | |
| ૧૯૮૩–૮૪ દરમ્યાન | ૪,૦૦૯ | ૧૬.૪૫ | ૬૫.૭૫ |
| ૩૧–૩–૮૪ સુધીમાં | ૧૭,૮૦૨ | ૭૦.૦૯ | ૨૭૯.૩૫ |

## ૩ : સહકારી મંડળીઓને ધિરાણ યોજના

જ્યાં સંસ્થાકીય ધિરાણની રકમ મળતી નથી તેવી સહકારી મંડળીઓને આર્થિક પ્રવૃત્તિ માટે નિગમ દ્વારાં નાણાંકીય ધિરાણની યોજના અમલમાં છે. જે હેઠળ વર્ષ દરમ્યાન આ યોજના હેઠળ નીચે પ્રમાણે કામગીરી થયેલ છે.

| વિગત | મંડળીઓની સંખ્યા | રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. શેર લોન | ૩ | ૦.૧૭ |
| ૨. કાર્યપુંજી લોન | ૭ | ૧.૪૫ |

## ૪ : વાંસ કામદારોની સહકારી મંડળીઓને સબસીડી યોજના

સફાઈ કામદારોની વાંસકામ સહકારી મંડળીઓને સબસીડી આપવાની યોજના અમલમાં છે.

નિગમ દ્વારા આ યોજના હેઠળ મંડળીનાં પ્રત્યેક સભ્ય દીઠ ૨૦૦ વાંસ માટે રૂ. ૧.૨૩ લેખે સબસીડી ચુકવવામાં આવે છે. આ યોજનાની પ્રગતિનાં આંકડા નીચે મુજબ છે.

| વિગત. | મંડળીઓની સંખ્યા. | લાભાર્થીની સંખ્યા. | સહાય પેટે આપેલ રકમ. (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| વર્ષ. | | | |
| ૧૯૮૩-૮૪ દરમ્યાન. | ૫ | ૪૧૬ | ૦.૨૩ |
| ૩૧-૩-૮૪ સુધી. | ૨૦ | ૯૮૯ | ૦.૬૪ |

## ૫. સંસ્થાકીય ધિરાણ મેળવવામાં સિદ્ધિ :

નિગમ દ્વારા સબસીડીની યોજના સિમાંત ડીપોઝીટની યોજના તેમજ સીધા ધિરાણની યોજના દ્વારા નીચે પ્રમાણે સંસ્થાકીય ધિરાણ આકર્ષવામાં સફળતા મળી છે.

| વિગત | લાભાર્થીની સંખ્યા | સંસ્થાકીય ધિરાણની રકમ ( રૂ. લાખમાં ) |
|---|---|---|
| ૧. | ૨ | ૩ |
| વર્ષ. | | |
| ૧૯૮૩-૮૪ દરમ્યાન. | ૪૨,૮૧૧ | ૫૧૧.૮૨ |
| ૩૧-૩-૮૪ સુધી. | ૧,૪૪,૫૪૮ | ૧,૯૫૦.૦૫ |

## ૬. સીધુ ધિરાણ :

નિગમ દ્વારા ગુજરાત સરકારની બાંહેધરીથી રૂ. ૩૭૪ લાખની બેન્ક લોન મેળવીને વ્યક્તિગત સીધું ધિરાણ કરવામાં આવેલું છે. પરંતુ ત્યારબાદ નિગમ દ્વારા ભલામણ થતી અરજીઓ ઉપર બેન્કર્સ દ્વારા ધિરાણ કરવામાં ઉત્સાહ દાખવવામાં આવતો હોઈ અને ધીરાણ સુલભ બનેલ હોઈ નિગમે સીધું ધિરાણ બંધ કરેલ છે. અને વર્ષ દરમ્યાન અગાઉનાં સીધા ધિરાણ પૈકી રૂ. ૨૦.૯૨ (લાખ) ની વસુલાત આવેલી છે.

## ૭. છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમ્યાન નિગમનો કાર્યક્રમ :

૧૯૮૧ ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તી ૪.૮૦ લાખ કુટુંબો થઈ ૨૪ લાખની છે. આવાં કુટુંબોને નક્કી કરેલી યોજનાઓ દ્વારા આવકનું સાધન પુરું પાડીને ગરીબી રેખા નીચેથી ઉપર લાવવાનો કાર્યક્રમ ઘડીને છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં ૧,૭૪,૪૮૨-કુટુંબોને આવરી લઈ રૂ. ૨૩,૨૫,૭૪,૯૩૫/-નું ધિરાણ કરેલ છે.

# ઓડીટર્સ

કંપની ધારાની કલમ ૬૧૯ (૨) અન્વયે કંપની લો બોર્ડ દ્વારા ચાલુ સને ૧૯૮૩–૮૪ ના વર્ષ માટે અમદાવાદના મેસર્સ પી. એન. વડવાલા એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણુંક કરવામાં આવેલ છે.

**કર્મચારીગણની માહિતી**

કંપની ધારા ૧૯૫૬ની કલમ ૨૧૭(૨–અ) તેમજ કંપની (કર્મચારીની વિગતો) નિયમો ૧૯૭૫ પ્રમાણે આ અહેવાલનાં ભાગરૂપ જરૂરી માહિતી પરિશિષ્ટ–અ માં આપવામાં આવેલી છે.

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ દ્વારા કલમ ૬૧૯(૪) મુજબ આપવામાં આવેલ હિસાબનો અહેવાલ.

તા ૩૧–૧–૮૪ ના રોજ પુરા થતાં હિસાબો ઉપર ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ દ્વારા કલમ ૬૧૯(૪) મુજબ આપવામાં આપેલો અહેવાલ સંચાલક મંડળના અહેવાલના ભાગરૂપ પરિશિષ્ટ–બ. માં આપવામાં આવેલ છે.

# આભાર

આપના નિગમના સંચાલકો ગુજરાત સરકારે તથા ભારત સરકારે કંપનીને આપેલ સહકાર બદલ કદર કર્યાની નોંધ લેવડાવવા ઈચ્છે છે. આપના સંચાલકો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રીઓ અને અધિકારીઓ અને જાહેર તથા ખાનગી સંસ્થાઓ, બેન્કો, નિગમો, અને બોર્ડના અધિકારીઓનો તેમનાં કિંમતી માર્ગદર્શન તેમજ કંપનીને લગતી બાબતમાં ઊંડો રસ ધરાવતા બદલ આભાર માને છે. અને સમીક્ષા હેઠળની મુદત દરમ્યાન કંપનીના અધિકારીઓ તથા કર્મચારીઓએ બજાવેલી કિંમતી સેવાઓની પણ કદર કરે છે.

સંચાલક મંડળ વતી,

ગાંધીનગર

રેવાભાઈ પરમાર,

અધ્યક્ષ

તારીખ : ૫/૧/૮૮

# પરિશિષ્ટ—અ

કંપની ધારા પ્રમાણે ૧૯૫૬ ની કલમ ૨૧૭ ( ૨ – અ ) તેમજ કંપનીઝ (કર્મચારીઓની વિગતો) નિયમ ૧૯૭૫ પ્રમાણે, તા. ૩૧/૩/૮૪ ના રોજ પુરા થતાં હિસાબો ઉપરના સંચાલક મંડળના અહેવાલ રુપે જરૂરી માહિતી.

| અ. નં. | નામ અને હોદ્દો | કુલ મહેનતાણુ | અભ્યાસ | નોકરીમાં જોડયાની તારીખ | ઉંમર | છેલ્લી નોકરીની વિગત. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| (૧) | શ્રી સી. આર સમાજપતિ<br>મેનેજીંગ ડીરેકટરશ્રી. | ૧૮,૩૧૧.૩૫ | આઈ. એ. એસ. | ૪–૧–૮૧<br>(પ્રતિનિયુક્તિ પર)<br>(કચેરી સમય બાદ) | ૪૪ | ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશન. |
| (૨) | શ્રી આર એસ. છાયા.<br>મેનેજીંગ ડીરેકટરશ્રી. | ૨૭,૯૪૫.૦૦ | આઈ. એ. એસ. | ૨–૧૧–૮૩ | ૫૮ | નિવૃત્તિ (૩૦/૪/૮૪ થી) |

ઓડીટરો : (૧) આંતરિક ઓડિટર :

મેસર્સ બી. આર. પટેલ એન્ડ કું.
૧૬૪/૩, 'ચ' સેક્ટર નંબર : ૧૭,
ગાંધીનગર ૩૮૨૦૧૭

(૨) વૈદ્યાનિક ઓડીટર :

મેસર્સ પી. એન. ધડવાલા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,
૩૦૮૩/૩, બીજો માળ, મોદી બિલ્ડીંગ,
રતનપોળનાકા, ગાંધીરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧.

બેન્કર્સ :

| | | | |
|---|---|---|---|
| ૧. | સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, | સેક્ટર-૧૬ | ગાંધીનગર. |
| ૨. | બેન્ક ઓફ ઈન્ડીયા | ,, | ,, |
| ૩. | સિન્ડીકેટ બેન્ક | ,, | ,, |
| ૪. | ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક | ,, | ,, |
| ૫. | યુનાઈટેડ કોમર્સીયલ બેન્ક | ,, | ,, |
| ૬. | પંજાબ નેશનલ બેન્ક | ,, | ,, |
| ૭. | સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર | સેક્ટર-૨૨ | ,, |
| ૮. | દેના બેન્ક | ,, | ,, |
| ૯. | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા | સચિવાલય | ,, |
| ૧૦. | બેન્ક ઓફ મહારાષ્ટ્ર | સેક્ટર૨૧ | ,, |
| ૧૧. | અલ્હાબાદ બેન્ક | ,, | ,, |
| ૧૨. | બેન્ક ઓફ બરોડા | ,, | ,, |
| ૧૩. | યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયા | સેક્ટર-૧૭ | ,, |

નોંધાયેલ કચેરી : ૩જો માળ, બળવંતરાય મહેતા,
પંચાયત ભવન, સેક્ટર-૧૭,
ગાંધીનગર ૩૮૨૦૧૭

ક. ભારત સરકારના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ, ગુજરાત. દ્વારા ગુજરાત અનુસૂચીત જાતી આર્થીક વિકાસ નિગમ લિમિટેડ ગાંધીનગરના તારીખ–૩૧–૩–૮૪ના રોજ પૂરા થતા વર્ષના હિસાબોની ચકાસણીની સમીક્ષા.

(૧) નાણાંકીય પરિસ્થિતિ :– કંપનીની છેલ્લા ૩ વર્ષની નાણાંકીય પરિસ્થિતિ નીચેના કોઠા ઉપરથી સંક્ષીપ્તમાં રજુ થયેલ છે.

| જવાબદારીઓ | ૧૯૮૧–૮૨ | ૧૯૮૨–૮૩ | ૧૯૮૩–૮૪ |
|---|---|---|---|
| | | (રૂપિયા લાખમાં) | |
| (અ) ભરપાઈ થયેલ ભંડોળ | ૨૦૦–૦૦ | ૨૦૦–૦૦ | ૫૮૮–૨૩ |
| બ) અનામત અને સરપ્લસ | ૩૬.૪૮ | ૫૪.૪૮ | ૮૩.૦૭ |
| ક) દેવુ | | | |
| ૧) બેન્કમાંથી લીધેલ લોન | ૨૩૩.૬૧ | ૨૭૭.૫૭ | ૨૫૮.૮૮ |
| ૨) સરકારમાંથી લીધેલ લોન | ૪.૦૧ | ૪.૦૧ | ૪.૦૧ |
| ડ) ધંધાકીય લહેણું અને ચાલુ જવાબદારીઓ. | ૩૮૩.૭૧ | ૪૩૨.૨૬ | ૨૬૭.૬૪ |
| | ૮૫૭.૮૧ | ૯૬૮.૩૨ | ૧૨૦૧.૮૩ |
| **અસ્કયામતો** | | | |
| અ) સ્થાવર અસ્કયામતો | | | |
| (ડબલ્યુ ડી. વી નો સંયુક્તબ્લોક) | ૫.૧૭ | ૭.૨૭ | ૭.૩૨ |
| બાદ : ઘસારો | ૧.૦૮ | ૨.૧૬ | ૩.૦૫ |
| ચોખ્ખી સ્થાવર અસ્કયામતો | ૪.૦૯ | ૫.૧૧ | ૪.૨૭ |
| બ) (૧) ચાલુ અસ્કયામતો | ૫૦૬.૭૭ | ૭૦૦.૫૭ | ૯૨૫.૧૮ |
| (૨) લોન અને પેશગીઓ | ૩૪૬.૧૩ | ૨૬૨.૬૫ | ૨૭૨.૩૮ |
| ક) પરચુરણ ખર્ચ | ૦.૭૭ | — | — |
| | ૮૫૭.૮૧ | ૯૬૮.૩૨ | ૧૨૦૧.૮૩ |
| મુખ્ય મહેકમ | ૪૭૩.૩૩ | ૫૩૬.૦૬ | ૯૩૪.૧૯+ |
| ચોખ્ખી રકમ | ૨૧૯.૪૨ | ૨૩૮.૧૯ | ૬૫૫.૦૧++ |

(૨) મુડી માળખુ :– કંપનીનો મૂડી અને દેવાનો ગુણોત્તર નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧૯૮૧–૮૨ | ૧.૧૯.૧ |
| ૧૯૮૨–૮૩ | ૧.૪૧.૧ |
| ૧૯૮૩–૮૪ | ૦.૪૫.૧ |

(નોંધ :– + મુખ્ય મહેકમ, ચોખ્ખી સ્થાયી અસ્કયામતો વત્તા કામ ચલાઉ મૂડી દર્શાવે છે.)
++ ચોખ્ખી રકમ શેર મુડી વત્તા મુક્ત અનામતો (ખર્ચ ઉપર આવકને વધારો) ઓછા પરચુરણ ખર્ચ દર્શાવે છે.

(૩) અનામતો અને સરપ્લસ :-

તા. ૩૧–૩–૧૯૮૩ના રોજ કંપનીની રૂા. ૫૪.૪૮ લાખની અનામતો અને સરપ્લસની સામે તા. ૩૧–૩–૮૪ના રોજ કંપનીની અનામતો અને સરપ્લસ રૂા. ૮૩.૦૭ લાખ હતા. કંપનીની કુલ જવાબદારી સામે અનામતો અને સરપ્લસ રકમ ૧૯૮૨–૮૩ના ૫.૬૩ ટકાની સામે ૧૯૮૩–૮૪માં ૬.૯૧ લાખ હતી. અને ઈકવીટી કેપીટલ ૧૯૮૨–૮૩ ના ૨૭.૫૪ ટકાની સામે ૮૩.૮૪માં ૧૪.૧૨ ટકા હતી.

(૪) ચાલુ સિદ્ધિઓ :- કંપનીની ૧૯૮૩–૮૪ સુધીના છેલ્લા ત્રણ વર્ષની સિદ્ધિઓ નીચે મુજબ છે.

| | ૧૯૮૧–૮૨ | ૧૯૮૨–૮૩ | ૧૯૮૩–૮૪ |
|---|---|---|---|
| | (રૂપિયા લાખમાં) | | |
| (૧) આવક. | ૪૨.૫૮ | ૬૨.૯૦ | ૭૫.૨૨ |
| (૨) ખર્ચા. | ૧૨.૯૪ | ૧૯.૭૨ | ૧૫.૩૨ |
| (અ) પગાર અને બીજા ખર્ચા (ઘસારા સહિત) | ૮.૦૦ | ૧૦.૧૭ | ૧૨.૨૧ |
| (બ) લોન ઉપર વ્યાજ | ૦.૭૦ | ૧૫.૦૧ | ૧૬.૪૨ |
| (ક) ખરાબ અને શંકાસ્પદ ધિરાણ તથા માર્જીનમની ડીપોઝીટની જોગવાઈ | | | |
| (૩) ખર્ચ કરતા આવકનો વધારો | ૨૦.૯૪ | ૧૮.૦૦ | ૨૭.૨૭ |
| (૪) સરપ્લસના ટકા | ૪.૪૨ | ૩.૩૬ | ૨.૯૨ |
| (અ) મુખ્ય મહેકમ ઉપર | ૯.૫૪ | ૭.૫૬ | ૪.૧૬ |
| (બ) ચોખ્ખી ઉપજ ઉપર | ૧૦.૪૭ | ૯.૦૦ | ૪.૬૪ |
| (ક) ઈકવીટી મુડી ઉપર | | | |
| (૫) ચોખ્ખી આવક સામે વહીવટી ખર્ચના ટકા | ૩૦.૩૯ | ૩૧.૩૫ | ૨૫.૬૮ |

(૫) લોન અને પેશગીઓ :

(અ) નીચેનુ કોષ્ટક ૧૯૮૩–૮૪ સુધીના ૩ વર્ષનુ લોનધીરાણ રકમની પરત ચુકવાણી અને બાકી વસુલાત દર્શાવે છે.

| વર્ષ | ઉઘડતી સિલક | લોન ધિરાણ | પરત ચુકવણું | વર્ષના અંતે. બાકી રહેલ વસુલાત. |
|---|---|---|---|---|
| ૧૯૮૧-૮૨ | ૧૭૭.૪૬ | ૧૯૧.૬૨ | ૩૭.૯૮ | ૩૩૧.૧૦ |
| ૧૯૮૨-૮૩ | ૩૩૧.૧૦ | ૩૩.૯૬ | ૧૦૬.૧૧ | ૨૫૮.૯૫ |
| ૧૯૮૩-૮૪ | ૨૫૮.૯૫ | ૨૧.૫૧ | ૨૦.૩૧ | ૨૬૩.૧૫ |

નોંધ :

૧) વર્ષ દરમીયાન કરેલ ધીરાણમાં લાભાર્થીવતી ચુકવેલ વિમા પ્રિમીયમ તથા વર્ષ દરમીયાનના વ્યાજનો સમાવેશ કરેલ છે.

૨) પરત મૂકવાણીમાં મળેલ વિમા કલેમ તથા વ્યાજનો સમાવેશ થાય છે.

૩) કંપની તરફથી વર્ષવાર મુદ્દલની લેણી રકમ અને વર્ષવાર લોન તથા વ્યાજની બાકી વસુલાતની માહીતી પૂરી પાડવામાં આવી નથી.

૪) કંપની એકટ ૧૯૫૬ના સેકશન ૬૧૯ (૪) મુજબની કોઈ ટીકા ટીપ્પણની અસર ઉપરના હીસાબોના રીવ્યુમાં આપવામાં આવી નથી.

સહી
એકાઉન્ટન્ટ જનરલ
અમદાવાદ.

# પી. એન. વડવાલા એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

૩૦૮૩/૩, બીજે માળ,
મોદી બિલ્ડીંગ, રતનપોળ નાકા,
ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦ ૦૧.
તારીખ :- ૨૨-૫-૮૭.

## ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડનો ઓડિટર્સ રીપોર્ટ

અમોએ આ સાથે સામેલ કરેલ ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી.,નું તા. ૩૧-૩-૮૪ના રોજનું સરવૈયું તેમજ તેની સાથે સામેલ કરેલા તેજ તારીખે પૂરા થતા ૩૧-૩-૮૪ના વર્ષના ઉપજ ખર્ચ ખાતાના હિસાબોને તપાસ્યા છે અને અમો નીચે પ્રમાણે રીપોર્ટ રજુ કરીએ છીએ :-

૧. અમોને અમારા ઓડિટ માટે જરૂરી એવી તમામ માહિતીઓ અને ખુલાસાઓ મળેલા છે, જે અમારી જાણ અને માન્યતા પ્રમાણે ઓડિટ માટે જરૂરી હતા.

૨. અમારા મંતવ્ય પ્રમાણે તેમજ અમોએ તપાસણી કરી છે તેના આધારે હિસાબો ચોપડાઓની અમારી તપાસ પરથી જણાવ્યા મુજબ કંપનીએ કાયદેસર જરૂરી એવા યોગ્ય હિસાબી ચોપડા રાખ્યા છે.

૩, સરવૈયું અને આવક તથા ખર્ચના હિસાબોનું હિસાબી ચોપડા સાથે હિસાબ મેળ મળેલ છે.

૪. અમારા અભિપ્રાય મુજબ ચોપડા રાખવાની પદ્ધતિમાં વિવિધ ક્ષતિઓ અને ઉણપો રહેલી છે તેમજ આંતરિક નિયંત્રણની પદ્ધતિ અપૂરતી છે. તેમ છતાં ઓડિટના વર્ષ દરમિયાન પદ્ધતિ સુધારવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

૫. ૧૯૮૦-૮૧ના કાચા સરવૈયામાં રૂા. ૨૦.૯૫૩/-નો તફાવત હતો. ચાલુ વર્ષમાં રૂા. ૨,૫૯૯/-નો તફાવત શોધી કાઢયો છે અને બાકીનો રૂા. ૧૮,૩૫૪/-નો તફાવત ચાલુ વર્ષના સરવૈયામાં ચાલુ જુમ્મેદારી બાજુએ દર્શાવ્યો છે.

૬. વર્ષ દરમિયાન કંપનીનો મુખ્ય વ્યવસાય અનુસૂચિત જાતિના સભ્યોને સરકાર અને અથવા વાણિજ્ય બેન્કો પાસેથી લોન મંજૂર કરાવવી તેમજ સરકાર પાસેથી આર્થિક સહાય મેળવીને મંજૂર કરવી અને બેન્કેબલ સ્કીમોમાં માર્જીનમની ડિપોઝિટની જોગવાઈ કરી આપવાનો રહ્યો છે.

૭. સામાન્ય ખાતાવહી મુજબ લોનના સરવાળાના ધોરણે આ સાથેનું સરવૈયું અને આવક તથા ખર્ચના હિસાબો તૈયાર કરવામાં આવ્યા છે.

૮. પાછલા વર્ષ દરમિયાન કંપનીએ અનુસૂચિત જાતિના સભ્યોને દૂધાળા પશુ લોન રૂપે ચૂકવવા માટે મહેસાણા જિલ્લા પંચાયતને રૂા. ૧૦/-લાખ ચૂકવ્યા હતા. છતાં ગયા વર્ષની છેલ્લી તારીખ સુધી જેમને લોન આપવામાં આવી છે તેવી વ્યક્તિઓ અંગેની કોઈ માહિતી કે તેને લગતા દસ્તાવેજો મળ્યા નથી. નાણાંકીય વર્ષ '૮૩-૮૪ના અંતે રૂા. ૮,૮૮,૯૧૪/-ની રકમ આ હિસાબમાં બાકી નીકળે છે અને સરવૈયામાં (હિતાધિકારીઓને લોન એ મથાળા હેઠળ) સમાવિષ્ટ કરવામાં આવી છે.

૯. ચાલુ જવાબદારીઓની રકમ રૂા. ૬૮,૯૦,૯૯૧/– થવા જાય છે. જેમાં ગુજરાત સરકાર તરફથી મળેલ સબસીડી અને ગ્રાન્ટનો સમાવેશ થાય છે.

| | | |
|---|---|---|
| એ— | બી. સી. કે. સબસીડી | ૩૫,૭૩,૫૭૮ |
| બી— | વાંસ સહાય | ૭,૮૭,૪૭૫ |
| સી— | કોમ્પોનન્ટ પ્લાન | ૪૧,૧૬૪ |
| ડી— | મહેસાણા સબસીડી | ૫૨,૮૦૭ |
| ઈ— | પશુપાલન સહાય | ૧૭,૫૦,૨૨૩ |
| એફ— | દેવડા સબસીડી | ૧,૩૬,૧૫૩ |
| | | ૬૩,૪૧,૪૦૦ |

ઉપર જણાવેલ સબસીડી અને ગ્રાન્ટમાંથી જે વ્યાજ કમાવવામાં આવ્યું છે તે આવક અને ખર્ચ ખાતે જમા કરવામાં આવ્યું છે.

૧૦. કંપનીના ચોપડે (બી. સી. કે. લોન સમાજ કલ્યાણ) ૩૧ માર્ચ '૮૪ના રોજ જણાવ્યા મુજબ રૂા. ૨,૦૦,૭૭૫/–ની બીજી રકમ પણ બાકી નીકળે છે, તે સબંધમાં જેમને લોન આપવામાં આવી છે તે વ્યક્તિ, લોન લેનારના નામ તથા લોન કોને આપવામાં આવી છે અને તે અંગેના દસ્તાવેજ કોર્પોરેશન પાસે ઉપલબ્ધ નથી. આ સંબંધી હિસાબી હવાલા તે વખતના અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચોપડામાંથી લેવામાં આવ્યા છે. આ સીલકનો સમાવેશ સરવૈયામાં "હિતાધિકારીઓને લોન એ મથાળા હેઠળ" દર્શાવવામાં આવ્યો છે. અને બાકી બેલેન્સ, બેલેન્સ શીટમાં અનશીક્યોર્ડ લોનના સદર દર્શાવવામાં આવેલ છે.

૧૧. જનરલ લેજર અને સબસીડીના લેજરોમાં નીચે પ્રમાણે તફાવત છે.

| લેજરનુ પાનું. | જિલ્લાનું નામ | જનરલ લેજર પ્રમાણે બેલેન્સ | સબસીડીના લેજર પ્રમાણે બેલેન્સ. | | તફાવત |
|---|---|---|---|---|---|
| બી/૪ | અમદાવાદ | ૨૮૧૭૮૦૧–૧૬ | ૨૭૫૦૬૪૫–૩૦ | (+) | ૬૭૧૫૫–૮૬ |
| બી/૬ | અમરેલી | ૩૯૧૬૧૮–૧૫ | ૪૨૫૨૩૦–૯૦ | (—) | ૩૩૬૧૨–૭૫ |
| બી/૯ | બનાસકાંઠા | ૨૩૦૭૪૭૪–૭૧ | ૨૪૨૮૭૪૪–૧૭ | (—) | ૧૨૧૨૬૯–૪૬ |
| બી/૧૦ | ભાવનગર | ૩૫૭૩૦૪–૧૮ | ૨૯૫૬૬૯–૪૫ | (+) | ૬૧૬૩૪–૭૩ |
| બી/૧૨ | કચ્છ | ૨૭૧૪૮૬–૩૯ | ૨૭૧૯૫૦–૪૫ | — | ૪૬૪–૦૬ |
| બી/૧૪ | જૂનાગઢ | ૬૧૭૪૧૨–૩૦ | ૫૯૪૧૩૦–૭૦ | + | ૨૩૨૮૧–૬૦ |
| બી/૧૬ | જામનગર | ૧૩૩૦૪૧–૦૨ | ૧૧૮૨૬૧–૦૦ | + | ૧૪૭૮૦–૦૨ |
| બી/૧૮ | ખેડા | ૨૫૦૫૦૫૧–૬૬ | ૨૫૮૧૮૩૯–૯૫ | (+) | ૨૩૨૧૧–૭૧ |
| બી/૨૧ | મહેસાણા | ૨૨૫૮૦૭૫–૫૮ | ૩૧૯૪૮૫૫–૧૬ | (—) | ૯૩૬૭૮૧–૫૮ |
| બી/૨૩ | પંચમહાલ | ૧૨૮૫૯૫૧–૨૮ | ૫૧૪૫૯૯–૪૨ | + | ૭૭૧૩૫૬–૮૬ |

| લેજરનું પાનું | જિલ્લાનું નામ | જનરલ લેજર પ્રમાણે બેલેન્સ | સબસીડીના લેજર પ્રમાણે બેલેન્સ | | તફાવત |
|---|---|---|---|---|---|
| બી/૨૫ | સુરત | ૧૦૮૦૫૯૪-૪૩ | ૧૨૩૪૮૫૬-૩૫ | (–) | ૧૫૪૨૬૧ ૯૨ |
| બી/૨૭ | સાબરકાંઠા | ૨૧૩૬૯૮૩-૩૧ | ૨૧૯૮૨૫૭-૬૭ | (–) | ૬૧૨૭૪-૩૬ |
| બી/૨૯ | સુરેન્દ્રનગર | ૩૮૩૬૭૩૨-૦૨ | ૩૨૯૦૯૫૫-૩૦ | + | ૫૪૫૭૭૬-૭૨ |
| બી/૩૧ | વડોદરા | ૩૪૫૭૮૮૭-૪૨ | ૩૭૦૪૮૨૭-૧૦ | (–) | ૨૪૬૯૩૯-૬૮ |
| બી/૩૨ | વલસાડ | ૪૯૦૪૭૯-૪૯ | ૪૬૪૭૦૬-૨૧ | + | ૨૫૭૭૩-૨૮ |
| બી/૩૪ | ગાંધીનગર | ૧૬૬૫૬૬-૨૫ | ૧૩૨૨૧૪-૭૮ | + | ૩૪૩૫૧-૪૩ |
| બી/૩૭ | રાજકોટ | ૬૮૬૪૫૫-૬૫ | ૭૧૪૮૧૮-૦૫ | (–) | ૨૮૩૬૨-૪૦ |
| બી/૩૭ | ભરુચ | ૧૦૫૩૪૯૨-૫૦ | ૧૧૪૮૩૨૨-૧૭ | (–) | ૯૪૮૨૯-૬૭ |

૧૨. (એ) ડુબેલા અને શંકાસ્પદ લોન માટે બાકી બેલેન્સના ૫% લેખે બોર્ડ ઓફ ડીરેક્ટર્સના ઠરાવ પ્રમાણે જોગવાઈ કરવામાં આવી છે. અમારા મંતવ્ય પ્રમાણે આવી એડહોક જોગવાઈઓ ઘણી જ અપુરતી છે અને વસુલાત ન થઈ શકે તેવા લોનના આંકડા પૂરા અને સાચા મળતા નથી, છતાં ડુબેલા અને શંકાસ્પદ લોનના નાણાંની જોગવાઈ નકકી કરવા માટે દરેક હિસાબની સંપૂર્ણ ચોકસાઈ કરવી ખાસ જરૂરી છે. ખાસકરીને જ્યારે બેલેન્સશીટના મોટાભાગના હિસાબો મુદતવીતી બાકી થયા હોય.

(બી) ઉપર જણાવ્યા પ્રમાણેની પરિસ્થિતિમાં વસુલાતની અસંતોષકારક પરિસ્થિતિ વિચારતાં અને જનરલ લેજર અને લેનીના લેજરમાં રીકોન્સીલેશન થયા સિવાયના બેલેન્સો જોતા અમે ડુબેલા અને શંકાસ્પદ લહેણા માટેની જે જોગવાઈ કરી છે તે ડહાપણ ભરેલી છે કે કેમ ? તે કહી શકીએ તેમ નથી. અમારા મંતવ્ય પ્રમાણે મેનેજમેન્ટે ડુબેલા અને શંકાસ્પદ લહેણાની ખરેખર પરિસ્થિતિ નકકી કરી અને તે પ્રમાણે જોગવાઈ કરવી જોઈતી હતી.

૧૩. ઓડિટના સમય દરમિયાન અમે જોયું છે કે કોર્પોરેશને દરેક જિલ્લામાંથી આપેલ એડવાન્સ સામે આવતી વસુલાત માટે નાણાં ટ્રાન્સફર કરવાની વ્યવસ્થા ગોઠવી છે. પરંતુ જુદા જુદા યુનિટો પાસેથી ટ્રાન્સફર થઈને આવતાં નાણાં જે વ્યકિતગત હિસાબ અને ગાંધીનગરની બ્રાન્ચમાં કોર્પોરેશનના એકાઉન્ટમાં જમા કરાવવામાં આવે છે તેમાં કોઈ વ્યવસ્થા, કાબુ અથવા પદ્ધતિ રાખી હોય તેમ જણાતુ નથી, કે જેથી આ આંકડાની મેળવણી થઈ શકે. આવેલ જુદા જુદા જિલ્લાઓની વસુલાત જે ટ્રેસેબલ નથી તેને જનરલ હેડ "મીસીલીનીયસ રીકવરી ઓફ ધી એડવાન્સીઝ ટુ ધી બેનીફીસરીજ" એ જમા કરવામાં આવે છે.

૧૪. બેંકેબલ લોન સામે આપેલ માર્જીનમની પેટે જુદી જુદી બેંકોમાં આપેલ ફીક્સ ડિપોઝિટની યોજના જનરલ લેજરના બેલેન્સ ઉપરથી લેવામાં આવી છે. જુદી જુદી બેંકોમાંથી આ અંગે ઓડિટ દરમિયાન બેંકો પાસેથી કન્ફરમેશન મેળવવામાં આવેલ નથી. આ ચોક્કસ માહિતી ન ઉપલબ્ધ હોવાને કારણે માર્જીનમની ડિપોઝિટની સત્યતા અંગે અને જોગવાઈ અંગે ખાત્રી કરી શકાણી નથી.

૧૫. જે લાભાર્થીઓને લોન આપવામાં આવી છે તેની પાસેથી બેલેન્સની ખાત્રી મેળવવામાં આવી નથી.

૧૬. અમારા ઓડિટ સમય દરમિયાન અમે જોયું છે કે, જે હવાલા અનામત કે ઉપાડના બેંક એકાઉન્ટનાં દર્શાવ્યા હોય ટ્રેસેબલ ન હોય તો કંપનીનાં હિસાબમાં ભેગા કરીને ડિપોઝિટના સદરે લીધેલા છે.

૧૭. એનેક્ષ-એ માં જણાવ્યા પ્રમાણે બેંકના હિસાબ માટેનું બેંક રીકોન્સીલેશન તૈયાર કરવામાં આવ્યું નથી.

૧૮. કોર્પોરેશન તેના તાબાના જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓને ગ્રાન્ટો આપતુ હતું. જિલ્લા અધિકારીઓએ તેમને જે ગ્રાન્ટ મળે અને અમારા મંતવ્ય પ્રમાણે આ ગ્રાન્ટમાંથી તેઓ જે ઉપયોગ માટે ખર્ચ કરે તે કોર્પોરેશનના હિસાબમાં દર્શાવવો જોઈએ. છતાં ૩૧-૩-૮૪ના રોજ કોર્પોરેશનના રેકર્ડ પ્રમાણે રૂા. ૧,૦૬,૦૧૨.૪૧/-એ કોર્પોરેશનના હિસાબમાં દર્શાવવામાં આવ્યા નથી અને તેનુ આઉટ સ્ટેન્ડીંગ ડેબીટ બેલેન્સ એસ. ડબલ્યુ. ઓ. ગ્રાન્ટસ એકાઉન્ટસના સદર નીચે બતાવેલું છે.

૧૯. સેન્ટ્રલ બેંકનો રૂા. ૩૦,૦૦૦/-ના આઉટ સ્ટેન્ડીંગ બેલેન્સનો કોઈ પૂરાવો અમને જોવામાં નથી. આ હિસાબ નજેનુ બેલેન્સ' ૮૦-૮૧ થી આગળ ખેંચાતુ આવે છે.

૨૦. જરુર પૂરતી માહિતી તાત્કાલિક અસરથી મળી શકે તે માટેના રાખવા પાત્ર પેશગીના રજિસ્ટરો જેવા કે, ફેસ્ટીવલ એડવાન્સ, સાયકલ એડવાન્સ, ફેન એડવાન્સ, ફુડગ્રેન એડવાન્સ અને એડવાન્સ ટુ ધી સ્ટાફ વિગેરે રાખવામાં આવ્યા નથી.

૨૧. પાવતી બુકોની વપરાશ અંગેની વિગતો મળી આવી નથી.

૨૨. લાભાર્થીઓને આપેલ લોન ઉપર મળવા પાત્ર વ્યાજની જોગવાઈ કરવામાં આવી છે, વ્યાજ મુદલ ઉપર ગણવામાં આવ્યું છે પરંતુ વ્યાજ ઉપરનુ વ્યાજ ચઢાવવામાં આવ્યુ નથી, છતાં પણ આ બાબતની ખરાઈની ખાત્રી થઈ શકી નથી કારણ કે સબસીડીના લેજર રજિસ્ટર બેલેન્સ અને જનરલ લેજરના બેલેન્સ એકબીજા સાથે મળતા નથી.

૨૩. ગત વર્ષના પ્રવાસ ભથ્થા ખર્ચ રૂા. ૧૦,૧૨૪/-, પેટ્રોલ ખર્ચ રૂા. ૮,૧૭૭/-, મોટર રીપેરીંગ ખર્ચ રૂા. ૪૭૧/- ગત વર્ષના ચાલુ વર્ષે ઉધારવામાં આવ્યા છે. અમારા મંતવ્ય પ્રમાણે અને અમારી માહિતી અને જાણ મુજબ અમને આપવામાં આવેલા ખુલાસાઓ મુજબ તેમજ અત્રે જણાવેલ અન્ય મુદ્દાઓને આધિન પાકુ સરવૈયું અને તે સાથે સામેલ પરિશિષ્ટ-૧ થી આગળ અને ઉપજ તેમજ ખર્ચ ખાતું તેના ઉપર આપવામાં આવેલી નોંધને સાથે વાંચતાં ભારતીય કંપની ધારા ૧૯૫૬ની જોગવાઈ મુજબ જરુરી માહિતી પૂરી પાડેલ છે અને કંપનીના વર્ષ દરમિયાનના વ્યવહારોની પરિસ્થિતિનો સાચો અને વાજબી અહેવાલ રજુ કરે છે, અને કંપનીની પ્રવૃત્તિઓની વિગત સાથે વર્ષના અંતે અને વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકના વધારાનો સાચો અને વાજબી અહેવાલ આપે છે-

ભારતના ૧૯૭૫ ના ઉત્પાદકીય અને અન્ય કંપનીઓ (ઓડિટર્સ રીપોર્ટ ૧૯૭૫) ભારત સરકારે ઈસ્યુ કર્યા પ્રમાણે અને કંપનીએ ઓડિટ દરમિયાન આપેલ કંપનીના ચોપડા અને રેકર્ડોની જરુરી ચકાસણીના આધારે તેમજ અમને પૂરી પાડવામાં આવેલ માહિતી અને કરેલ ખુલાસા આધારે અમે વધુમાં જણાવીએ છીએ કે અમારા મતે

૧. કંપની દ્વારા તેની સ્થાયી મિલ્કતોની પ્રમાણ વિષયક વિગતો અને સ્થિતિ સહિતની સંપૂર્ણ વિગતો દર્શાવતા યોગ્ય રેકર્ડ નિભાવ્યા છે. કંપનીએ વર્ષ દરમિયાન કંપનીની સ્થાયી મિલ્કતોની પ્રત્યક્ષ ખરાઈ કરી નથી.

૨. વર્ષ દરમિયાન કંપનીની સ્થાયી મિલ્કતોનુ પુનઃમુલ્યાંકન કર્યું નથી.

૩. — સદર —

૪. કંપની પાસે ફક્ત પીતળના દૂધના દેગડાઓનો સ્ટોક હતો તે ૩૧-૩-૮૪ના રોજ ૬૨૩ દેગડાઓનો હતો અને જેની કિંમત રૂ. ૮૭,૫૪૪ હતી જેની ખાત્રી કંપનીના રેકર્ડ ઉપરથી કરવામાં આવેલી.

વર્ષ દરમિયાન કંપનીએ જુદા જુદા કેન્દ્ર ઉપર પડેલા દેગડાઓના સ્ટોકની પ્રત્યક્ષ ખરાઈ ચાલુ વર્ષમાં કરી નથી.

ઉપરની હકીકતને આધિન અમને સંતોષ થયો છે કે, સામાન્ય રીતે સ્વીકારેલા સિદ્ધાંતો અનુસાર સ્ટોકનું મુલ્યાંકન હિસાબી પદ્ધતિ પ્રમાણે વાજબી અને યોગ્ય છે.

૫. કંપનીએ જેમને લોનો આપી છે તેવી ઘણી વ્યક્તિઓ નિર્દેશ કર્યા મુજબની મુદલ રકમો પરત ચૂકવતી નથી અને વ્યાજ ચૂકવવામાં પણ નિયમિત નથી. કંપનીએ આપેલ લોન પૈકી વર્ષને અંતે ૨૪,૦૦૦ થી વધુ વ્યક્તિગત ખાતાઓમાં રૂા. ૨,૨૧,૯૪,૭૮૮/- ની રકમ બાકી નીકળતી હતી. આમ છતાં કંપનીએ લોનની મુદલ રકમ તથા તેના પર વ્યાજની વસુલાત માટે વાજબી પગલાં લીધાં નથી, પરિણામે હિતાધિકારીઓ પાસેથી વસુલ લેવાની ... થયો છે.

વધુમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે હિતાધિકારીઓએ જેમણે મોટી સંખ્યામાં લાભ લીધો છે તે સમગ્ર ગુજરાતના ઘણાં ગામડાઓમાં વસેલા છે. તેથી કંપની દરેક પાસેથી બેલેન્સની ખાત્રી અંગેના પ્રમાણપત્રો હિતાધિકારીઓ પાસેથી મેળવી શકી નથી.

૬. ઉપરના ફકરાઓમાં કહેવામાં આવ્યું છે તેને આધારે તેમજ આ રીપોર્ટ સાથે જોડવામાં આવેલા પરિશિષ્ટો પ્રમાણે એ ફલીત થાય છે કે, કંપનીએ તેના ધંધા પ્રમાણે અને પ્રકારને અનુરુપ આંતરિક ઓડિટ પદ્ધતિ રાખેલી નથી.

૭. સામાન્ય રીતે કંપની યોગ્ય તંત્રમાં નીકળતું પ્રોવીડન્ટ ફંડ અનામત તરીકે મુકવામાં નિયમિત છે.

૮. કંપનીએ શેર, ડીબેન્ચર કે એવી બીજી જામીનગીરીઓ ગીરે રાખીને કોઈપણ પ્રકારની લોન કે એડવાન્સ મંજૂર કરેલ નથી.

૯. ચીટ ફંડ, નીધી વિગેરે પરસ્પર લાભ મંડળીઓને લાગુ પાડેલી ખાસ પ્રકારની જોગવાઈઓ આ કંપનીને લાગુ પડતી નથી.

૧૦. કંપનીની શેર જામીનગીરીઓ, ડીબેન્ચરો અને બીજા મૂડીરોકાણ અંગેની કામગીરી કે ઉદ્યોગ કરતી નથી.

વતી પી. એન. વડવાલા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,
સહી/-
અવાચ્ય
પાર્ટનર
સિક્કો.

તારીખ :- ૨૨-૫-૧૯૮૭.

સ્થળ :- અમદાવાદ

# પરિશિષ્ટ—અ

## ૧૯૮૩-૮૪ના ઈન્ટરનલ ઓડિટ રીપોર્ટનું એનેક્ષર-'એ'

**બેંક રીકન્સીલીએશનું પત્રક :**

(૧) નીચેના હિસાબી ખાતાઓનું બેંક રીકન્સીલીએશન પત્રક બનાવવામાં આવેલ નથી.

| અ. નં. | બેંકનું નામ | હિસાબનો પ્રકાર | બેલેન્સ: બેંક પ્રમાણે | બેલેન્સ: કોર્પોરેશનના રેકર્ડ પ્રમાણે | તફાવત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | દેના બેંક | ચાલુ | ૧૦૯૧૦-૦૦ | ૬૯૭૬૪-૦૦ | ૫૮૮૫૪-૦૦ |
| ૨. | બેંક ઑફ બરોડા | ,, | ૧૬૩૪૧૧-૧૯ | ૩૦૮૬૩૭-૯૬ | ૧૪૫૨૨૬-૭૭ |
| ૩. | પંજાબ નેશનલ બેંક | ,, | ૨૭૦૫૩-૦૦ | ૩૮૧૫૫-૯૫ | ૧૧૧૦૨-૯૫ |
| ૪. | સ્ટેટ બેંક ઑફ સૌરાષ્ટ્ર | ,, | ૨૮૧૭-૫૦ | ૬૯૩-૮૦ | ૨૧૨૩-૭૦ |

(૨) નીચેના ખાતાઓના હિસાબો માર્જીનલ તફાવત સાથે તૈયાર કરવામાં આવ્યા છે.

| અ. નં. | બેંકનું નામ | હિસાબનો પ્રકાર | બેંક પ્રમાણે બેલેન્સ | કોર્પોરેશનના રેકર્ડ પ્રમાણે | તફાવત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા | એસબીએ/સી ૧૩૮૫ | ૧૯૬૦૪૬-૮૨ | ૧૭૭૫૮૧-૧૭ | ૫૮૪-૦૦ |
| ૨. | બેંક ઑફ બરોડા | ચાલુ એ/સી ૧૧૮ | ૪૫૯૧૭૩-૩૬ | ૪૨૨૪૧૪-૧૨ | ૯૧૨-૮૭ |
| ૩. | યુનિયન બેંક ઑફ ઈન્ડિયા | એસબીએ/સી ૨૮૯૫ | ૧૧૬૩૭૩૪-૦૦ | ૨૦૨૩૬૫-૦૦ | ૩૦૦-૦૦ |
| ૪. | સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા | એસબીએ/સી ૧૭૬૯ | ૩૩૦૭૭-૭૩ | ૩૧૬૧૪-૯૩ | ૩૯૦૦-૦૦ |

ભારત સરકારના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલે ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી., ગાંધીનગરનાં હિસાબો કંપની એકટ ૧૯૫૬ ના સેકશન ૬૧૯ (૪)નીચે તપાસ્યા તેના ૩૧ માર્ચ ૧૯૮૪ અંતિત હિસાબોની ટીકા અને કોર્પોરેશનની રીમાર્ક.

| ટીકા | રિમાર્કસ |
| --- | --- |
| **(૧) આવક અને ખર્ચનો હીસાબ**<br>**અ (૧) આવક** : બેન્કની ફીકસ ડીપોઝીટોની વ્યાજની આવક રૂા. ૫૩,૪૩,૬૪૨<br>ઉપરની રકમ રૂા. ૪, ૪૬,૯૪૬ વધુદર્શાવેલ છે જેમાં રૂા. ૪,૩૬,૭૭૫ સબસીડીના અને રૂા. ૧૦,૧૭૧ વધુ વ્યાજના ભુલથીલેવાયેલા છે. જેના પરીણામે ખર્ચ ઉપર આવકનો વધારો રૂા. ૪,૪૬,૯૪૬ અને નહી ચુકવાયેલ સબસીડીની રકમ માં ચાલુ જવાબદારી ઓમાં રૂા. ૪,૩૬,૭૭૫ ઓછા દર્શાવ્યા છે. | સને ૧૯૮૪–૮૫ના હિસાબો ને આગળ ખેંચતી વખતે જરૂરી સુધારા કરવામાં આવશે. |
| **અ (૨) ખર્ચ** : કર્મચારીઓ અને ડીરેકટરોનો ખર્ચ અને જોગવાઈઓ પરિશિષ્ટ આઈ. રૂા. ૧૪,૧૯,૫૧૬ સ્ટાફ ના પગાર અને ભથ્થાના રૂા. ૧૨,૦૩,૧૫૮ માં રૂા. ૧૬,૨૫૭ પ્રો. ફંડના ફાળાના સમાવેશ થયેલ છે જે જુદા બતાવી શકાયા હોત. | સને ૧૯૮૪–૮૫ હિસાબો ને આગલ ખેંચતી વખતે જરૂરી સુધારા કરવામાં આવશે |
| **(બ) વ્યાજ રૂા. ૧૨,૨૧,૦૪૮**<br>ઉપરની રકમમાં ૧,૪૮, ૪૭૭નો અગાઉના વર્ષનો સમાવેશ થાય છે જેને અગાઉના વર્ષના ખર્ચ તરીકે બતાવી શકાયો હોય | સને ૧૯૮૪–૮૫ના હીસાબો ને આગળ ખેંચતી વખતે જરૂરી સુધારા કરવામાં આવશે |
| **૨. સામાન્ય :**<br>ઓડિટરના રિપોર્ટના ફકરા ૧૮ તરફ ધ્યાન દોરતા જણાવવાનું કે તેમાં સમાજ કલ્યાણ અધીકારીઓએ તેમને ચુકવેલ ગ્રાન્ટમાંથી રૂા. ૧,૦૬,૦૧૨-૪૧ ખર્ચ કરેલ દર્શાવેલ નથી ખરેખર ખર્ચ કરેલ દર્શાવવાની રહીગયેલ રકમ ૧,૩૨,૩૧૭=૪૭ છે. | આ મુદ્દો ઓડિટરને સ્પર્શે છે. જે અંગે ઓડિટર સાથે પરામર્શ કરી જરૂરી સુધારા કરવા વિનંતી કરી છે. |

# —: ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી. :—
## —: ગાંધીનગર :—

નું તારીખ ૩૧/૩/૧૯૮૪ના રોજનું સરવૈયું

| આગાઉનું વર્ષ (તા. ૩૧/૩/૮૩ના રોજની સ્થિતિ.) | વિગત | પરિશિષ્ટ | રકમ | તા. ૩૧/૩/૮૪ ના રાજ મૂજબ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **૧. ફંડના આવકના સાધનો.** | | | |
| | (૧) શેર હોલ્ડર ફંડ. | | | |
| ૫,૮૮,૨૩,૦૦૦/- | અ. શેર ભંડોળ | એ. | ૭,૮૦,૦૭,૦૦૦ | |
| ૫૪,૪૭,૯૪૫/- | બ. અનામત અને જોગવાઈઓ થયેલી | બી | ૮૩,૦૭,૨૪૨/- | |
| ૬,૪૨,૭૦,૯૪૫/- | | | | ૮,૬૩,૧૪,૨૪૨/- |
| | (૨) લોન :- | | | |
| શૂન્ય | (અ) તારણવાળી લોન. | | શૂન્ય | |
| ૨,૮૧,૫૭,૮૫૫/- | (બ) તારણવગરની લોન. | સી | ૨,૬૨,૮૮,૪૦૨/- | ૨,૬૨,૮૮,૪૧૦/- |
| ૯,૨૪,૨૮,૮૦૦/- | કુલ | | | ૧૧,૨૬,૦૨,૬૫૨/- |
| | **ફંડ માટેની અરજીઓ :-** | | | |
| | **૧. સ્થાયી મિલકત** | ડી | | |
| ૭,૨૭,૩૫૯/- | અ. ગ્રોસ બ્લોક | | ૭,૩૨,૦૭૯/- | |
| ૨,૧૬,૫૧૪/- | બ. ઘસારો. | | ૩,૦૫,૦૬૪/- | |
| ૫,૧૦,૮૪૫/- | ક. નેટ બ્લોક. | | | ૪,૨૭,૦૧૫/- |
| | **૨. ચાલુ અસ્કયામતો લોન અને પેશગીઓ** | | | |
| ૮૭,૫૫૪/- | અ. જંગમ અસ્કયામતો | | ૮૭,૫૫૪/- | |
| ૬,૯૯,૬૮,૫૨૫/- | બ. રોકડ અને બેન્ક બેલેન્સ | ઈ. | ૯,૨૪,૩૦,૨૭૩/- | |
| ૨,૩૧,૩૪,૮૬૫/- | ક. લાભાર્થીઓને ધિરાણ | એફ. | ૨,૨૧,૯૪,૭૮૮/- | |
| ૩૧,૨૯,૮૦૩/- | ડ. બીજા ધિરાણ અને પેશગી | જી. | ૫૦,૪૨,૮૧૦/- | |
| ૯,૬૩,૨૦,૭૪૭/- | | | ૧૧,૯૭,૫૫,૪૨૯ | |
| | બાદ : ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ. | | | |
| ૪૧,૦૨,૪૭૮/- | અ. ચાલુ જવાબદારીઓ. | એચ. | ૬૯,૯૦,૯૯૧/- | |
| ૩,૦૦,૩૧૪/- | બ. બેન્કોમાં સીમાંત નાણાંની અનામત સામેની જોગવાઈઓ | | ૬,૮૮,૮૦૧/- | |
| ૪૪,૦૨,૭૯૨/- | ચોખ્ખી ચાલુ અસ્કયામતો. | | ૭૫,૭૯,૭૯૨/- | |
| ૯,૧૯,૧૭,૯૫૫/- | | | | ૧૧,૨૧,૭૫,૬૩૭/- |
| ૯,૨૪,૨૮,૮૦૦/- | કુલ : | | | ૧૧,૨૬,૦૨,૬૫૨/- |

**નોંધ** :— હિસાબના ભાગરૂપ પરિશિષ્ટ એલ. સામેલ છે.

(૧) ગયા વર્ષના આંકડાને તેની સરખામણી ચાલુ વર્ષનાં આંકડા સાથે થઈ શકે તે રીતે પુન: એકત્રિત કરી દર્શાવેલ છે.

આજ તારીખના પરિશિષ્ટ મુજબના અમારા અહેવાલ પ્રમાણે.

સહી.

| | | | | |
|---|---|---|---|---|
| અમદાવાદ. | ભાગીદાર | અમદાવાદ | સહી | સહી |
| તા. ૨૨/૫/૮૭, | પી. એન. વડવાલા એન્ડ કું. | તારીખ | અધ્યક્ષ | વહીવટી સંચાલક |
| | ૩૦૮૩, ગાંધીરોડ અમદાવાદ | | | |

# ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી.
## ગાંધીનગર

માહે ૩૧મી માર્ચ ૧૯૮૪ના વર્ષ અંતિત આવક અને ખર્ચનો હિસાબ

| પાછલુ વર્ષ ૧ | વિગત. ૨ | પરિશિષ્ટ ૩ | રકમ રૂ. ૪ | રકમ રૂ. ૫ |
|---|---|---|---|---|
| | (એ) આવક | | | |
| | ૧. વ્યાજ. | | ૯,૪૪,૩૦૭ | |
| | અ. લાભાર્થીને ઉપર ધીરાણ. | | ૫૩,૪૩,૬૪૨ | |
| ૧૧,૩૬,૯૯૫ | બ. બેન્કમાંની બાંધી મુદતની | | | |
| ૩૧,૯૫,૭૮૫ | થાપણ ઉપર | | ૨,૩૩,૩૩૭ | |
| | ક. બેન્કોમાં બચત ખાતા ઉપર | | | ૬૫,૨૧,૨૮૬ |
| ૪,૫૭,૧૩૨ | અને અન્ય | | | |
| | | | | ૧૦,૦૦,૦૦૦ |
| ૪૭,૮૯,૯૧૨ | | | | |
| ૧૫,૦૦,૦૦૦ | (૨) ગુજરાત સરકાર તરફથી આપાયેલ વહીવટી ગ્રાન્ટ. | | | ૧,૦૫૬ |
| | | | | ૭૫,૨૨,૩૪૨ |
| ઉપર | (૩) પરચુરણ આવક. | | | |
| ૬૨,૯૦,૨૬૪ | | | | |
| | (બી) ખર્ચ :- | | | (અ) ૧૪,૫૯,૫૧૬ |
| | | આઈ | | |
| ૧૨,૭૫,૧૬૮ | (૧) મહેકમ અને ડીરેક્ટરોને કરેલ ચુકવણું અને જોગવાઈઓ. | | | (બ) ૩,૮૩,૯૮૮ |
| | | બી | | ૧૨,૨૧,૦૪૮ |
| | (૨) કચેરીનો વહીવટી ખર્ચ | | | ૮૮,૫૫૦ |
| ૫,૮૯,૩૬૭ | (૩) વ્યાજ. | | | (ક) ૧૬,૪૧,૯૬૨ |
| ૧૦,૧૭,૦૧૦ | (૪) ઘસારો. | કે | | ૪૭,૯૫,૦૬૪ |
| ૧,૦૭,૯૫૬ | (૫) જોગવાઈઓ. | | | |
| ૧૫,૦૧,૦૧૦ | કુલ (બ) | | | ૨૭,૨૭,૨૭૮ |
| ૪૪,૯૦,૫૧૧ | | | | ૧,૩૨,૦૧૯ |
| | (સી) ખર્ચ કરતાં અવકમાં (એ–બી) વધારો. | | | ૩૮,૧૯,૩૨૮ |
| ૧૭,૯૯,૭૫૩ | (ડી) આગળના સમયનું સરભર. | | | |
| નીલ. | (ઈ) આગળના વર્ષની સિલક. | | | |
| ૨૦,૧૯,૫૭૫ | (એફ) સિલક આગળ લઈ ગયા | | | ૬૬,૭૮,૬૨૫ |
| ૩૮,૧૯,૩૨૮ | (સી + ડી + ઈ) | | | |

હિસાબી નોંધ..................

અમારા આજ તારીખના અહેવાલ પ્રમાણે.

# સરવૈયા જોડેની અનુસૂચીઓ

## પરિશિષ્ટ--એ

| વિગત.<br>૧ | તા. ૩૧/૩/૮૪<br>ની સ્થિતિ.<br>૨ | ૩૧/૩/૮૩<br>ની સ્થિતિ.<br>૩ |
|---|---|---|
| **શેર મુડી** | | |
| **અધિકૃત્ત શેર મૂડી** | | |
| રૂા. ૧૦૦ના એક એવા ૮,૦૦,૦૦૦ ઈકવીટી શેર બહાર પાડેલ અને ભરપાઈ થયેલ શેર મુડી. | ૮,૦૦,૦૦,૦૦૦ | ૮,૦૦,૦૦,૦૦૦ |
| રૂા. ૧૦૦/–નો એક એવા પુરી સમના ભરપાઈ થયેલ ૫,૮૮,૨૩૦ શેરો. | ૫,૮૮,૨૩,૦૦૦ | ૨,૦૦,૦૦,૦૦૦ |
| **ઉમેરો :** | | |
| શેર કેપીટલ માટે એડવાન્સ (એટલે કે ગુજરાત સરકાર તરફથી મળેલ રકમ કે જેના શેરો ફાળવ્યા નથી. | ૧,૯૧,૮૪,૦૦૦ | ૩,૮૮,૨૩,૦૦૦ |
| કુલ :– | ૭,૮૦,૦૭,૦૦૦ | ૫,૮૮,૨૩,૦૦૦ |

**નોંધ :–**

નિગમને શેરમૂડી રાજ્ય સરકાર તરફથી મળે છે. અને બધાં શેર રાજ્ય સરકારનાં નામે ઈસ્યુ કરવામાં આવે છે. જ્યારે ભારત સરકાર તરફથી રાજ્ય સરકાર ૫૧:૪૯ના પ્રમાણમાં મેચીંગકોન્ટ્રી બ્યુશેન મળવે છે. વર્ષાન્તે પરિસ્થિતિ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) રાજ્ય સરકારનો ફાળો. (૫૧%) | ૩,૯૭,૮૪,૦૦૦ | ૩,૦૦,૦૦,૦૦૦ |
| (૨) મધ્યસ્થ સરકારનોફાળો (૪૯%) | ૩,૮૨,૨૩,૦૦૦ | ૨,૮૮,૨૩,૦૦૦ |
| કુલ :– | ૭,૮૦,૦૭,૦૦૦ | ૫,૮૮,૨૩,૦૦૦ |

# પરિશિષ્ટ—બી

| અ. નં. 1 | વિગત. 2 | તા. ૩૧/૩/૮૪ની રોજની સ્થિતિ. 3 | ૩૧/૩/૮૩ના રોજની સ્થિતિ 4 |
|---|---|---|---|
| | અનામતો અને પુરાંત. | | |
| ૧. | મૂડી અનામતો. | | |
| | ૧૮૬૦ના મંડળી નોંધણી અધિનિયમ હેઠળ નોંધાયેલ મંડળી, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડ પાસેથી મેળવેલ અને પ્રાપ્ત કરેલ અસ્કયાતો | ૧૬,૨૮,૬૧૭/- | ૧૬,૨૮,૬૧૭/- |
| ૨. | આવક અને ખર્ચ ખતુ | ૬૬,૨૮,૬૨૫/- | ૩૮,૧૯,૩૨૮/- |
| | કુલ :- | ૮૩,૦૭,૨૪૨/- | ૫૪,૪૭,૯૪૫/- |

# પરિશિષ્ટ—સી

| અ. નં. | વિગત | ૩૧/૩/૮૪ના રોજની સ્થિતિ | ૩૧/૩/૮૩ના રોજની સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | આરક્ષિત લોન : | | |
| ૧. | બેન્કોમાંથી મુદતી લોન (ગુજરાત સરકારે સિદ્ધાંતિક રીતે આ લોનની બાંહેધરી ૧૯૮૦ના વર્ષમાં જુદાજુદા ઠરાવોથી આપી છે.) | ૨,૫૮,૮૭,૬૩૫/- | ૨,૭૭,૫૭,૦૮૦/- |
| ૨. | સરકાર તરફથી બી. સી. કે લોન વ્યાજ મુક્ત | ૨,૦૦,૭૭૫/- | ૨,૦૦,૭૭૫/- |
| ૩. | ગુજરાત સરકાર તરફથી મળેલ ફરતું ફંડ | ૨,૦૦,૦૦૦/- | ૨,૦૦,૦૦૦/- |
| | કુલ રૂપિયા | ૨,૬૨,૮૮,૪૧૦/- | ૨,૮૧,૫૭,૮૫૫/- |

# પરિશિષ્ટ—ડી

## કાયમી અસ્કયામતો

| અ. નં. | વિગત | ગ્રોસ બ્લોક ૧–૪–૮૩ના રોજની સ્થિતિ | વધારો | સરભર કપાતો | ૩૧–૩–૮૪ના રોજની સ્થિતિ | ૩૧–૩–૮૪ના રોજની સ્થિતિ સંચીત ઘસારો | નેટ બ્લોક ૩૧–૩–૮૪ના રોજની સ્થિતિ | ૩૧–૩–૮૩ના રોજની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. |
| ૧. | ફર્નિચરો અને જોડાણ | ૧,૪૩,૫૮૪/- | — | — | ૧,૪૩,૫૮૪/- | ૪૩,૬૧૦/- | ૯૯,૯૭૪/- | ૧,૧૧,૦૮૨/- |
| ૨. | કચેરી સાધન સામગ્રી | ૨૪,૪૦૦/- | ૧,૪૪૪/- | — | ૨૫,૮૪૪/- | ૧૦,૦૩૧/- | ૧૫,૮૧૩/- | ૧૭,૧૬૦/- |
| ૩. | વાહન | ૫,૨૬,૨૧૬/- | — | — | ૫,૨૬,૨૧૬/- | ૨,૩૯,૧૫૯/- | ૨,૮૭,૦૫૭/- | ૩,૫૮,૮૨૦/- |
| ૪. | ડેડ સ્ટોક | ૨૭,૨૫૬/- | ૩,૨૭૬/- | — | ૩૦,૫૩૨/- | ૯,૪૪૨/- | ૨૧,૦૯૦/- | ૨૦,૧૫૭/- |
| ૫. | વોટર કુલર | ૫,૯૦૩/- | — | — | ૫,૯૦૩/- | ૨,૮૨૨/- | ૩,૦૮૧/- | ૩,૬૨૫/- |
| | કુલ | ૭,૨૭,૩૫૯/- | ૪,૭૨૦/- | — | ૭,૩૨,૦૭૯/- | ૩,૦૫,૦૬૪/- | ૪,૨૭,૦૧૫/- | ૫,૧૦,૮૪૫/- |
| | પાછલા વર્ષનું | ૫,૧૭,૪૯૪/- | ૨,૦૯,૮૬૩/- | — | ૭,૨૭,૩૫૯/- | ૨,૧૬,૫૧૪/- | ૫,૧૦,૮૪૫/- | ૪,૦૮,૯૩૭/- |

# પરિશિષ્ટ—ઈ

| અં. નં. | વિગત | ૩૧ મી માર્ચ ૧૯૮૪ની સ્થિતિ રૂા. પૈસા | ૩૧ મી માર્ચ ૧૯૮૩ની સ્થિતિ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| | **કેસ અને બેન્ક બેલેન્સ :–** | | |
| ૧. | હાથ પરની સિલક | ૮,૫૨૭/– | ૪૭/– |
| ૨. | અનુસૂચિત બેન્કોમાં ચાલુ ખાતામાં | ૬,૯૭,૫૬૨/– | ૭,૯૯,૩૨૬/– |
| ૩. | અનુસૂચિત બેન્કો પાસે બાંધી મુદતની થાપણ | ૫,૮૮,૦૦,૦૦૦/– | ૩,૭૯,૦૦,૦૦૦/– |
| ૪. | અનુસૂચિત બેન્કના સીમાંત નાણાં ફીક્સ ડીપોઝીટમાં | ૬૯,૪૧,૪૨૯/– | ૫૨,૭૮,૩૨૬/– |
| ૫. | બચત ખાતામાં | ૬૭,૯૮,૭૫૫/– | ૨,૫૯,૯૦,૮૨૬/– |
| ૬. | તિજોરીમાં થાપણ (૮૪૩/– સીવીલ ડીપોઝીટ હેડ) | ૧,૯૧,૮૪,૦૦૦/– | — |
| | કુલ રૂપિયા | ૯,૨૪,૩૦,૨૭૩/– | ૬,૯૯,૬૮,૫૨૫/– |

# પરિશિષ્ટ—એફ

| ૧. | વિગત<br><br>૨. | ૩૧ મી માર્ચ ૧૯૮૪ની સ્થિતિ<br>રૂપિયા પૈસા<br><br>૩. | ૩૧ મી માર્ચ ૧૯૮૩ની સ્થિતિ<br>રૂપિયા પૈસા<br><br>૪. |
|---|---|---|---|
| | હિતાધિકારીઓને આપેલ લોન :- | | |
| | (સામાન્ય ખાતાવહીના બેલેન્સ મુજબ) | | |
| | સારી ગણી શકાય તેવી લોન કે જેના સંબંધમાં કંપની સંપૂર્ણ સલામત છે. | — | ૧,૬૨,૦૧,૧૯૧/- |
| | સારી ગણી શકાય તેવી લોન કે જેમાં હિતાધિકારીની અંગત જામીનગીરી સિવાય બીજી કંઈ જામીનગીરી ન હોય | ૨,૨૫,૨૯,૨૪૨/- | ૭૧,૬૧,૩૭૨/- |
| ૩. | શંકાસ્પદ ગણેલી લોન | ૩૭,૮૬,૨૨૭/- | ૨૫,૩૨,૭૫૨/- |
| | | ૨,૬૩,૧૫,૪૬૯/- | ૨,૫૮,૯૫,૩૧૫/- |
| | બાદ :<br>શંકાસ્પદ લોન માટેની જોગવાઈ | ૩૭,૮૬,૨૨૭/- | ૨૫,૩૨,૭૫૨ /- |
| | સરવાળો આગળ લઈ ગયા | ૨,૨૫,૨૯,૨૪૨/- | ૨,૩૩,૬૨,૫૬૩/- |
| | બાદ :<br>વસુલાત થઈ હોય પરંતુ લાભાર્થીઓ ન ઓળખાયા હોય તેવી રકમ | ૩,૩૪,૪૫૪/- | ૨,૨૭,૬૯૮/- |
| | કુલ રૂપિયા | ૨,૨૧,૯૪,૭૮૮/- | ૨,૩૧,૩૪,૮૬૫/- |

# પરિશિષ્ટ જી

| અં. નં. | વિગત | ૩૧ મી માર્ચ ૧૯૮૪ની સ્થિતિ | ૩૧ મી માર્ચ ૧૯૮૩ની સ્થિતિ |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| | **બીજી લોન અને પેશગીઓ :** | | |
| ૧. | ડીપોઝીટો પર ચડેલ વ્યાજ | ૪૮,૦૭,૪૪૩ | ૩૦,૦૨,૪૩૦ |
| ૨. | રોકડ અથવા ચીજ વસ્તુઓ રૂપે વસુલ કરવા પાત્ર અથવા મુલ્ય મળવાનું હોય તેવી પેશગીઓ (જામીનગીરી વિનાની છતાં યોગ્ય ગણાતી) | ૨,૩૫,૩૭૧ | ૧,૨૭,૩૭૩ |
| | કુલ | ૫૦,૪૨,૮૧૪ | ૩૧,૨૯,૮૦૩ |

# પરિશિષ્ટ એચ

ચાલુ જવાબદારીઓ :

| અ. નં. | વિગત | ૩૧ મી માર્ચ ૧૯૮૪ની સ્થિતિ | ૩૧ મી માર્ચ ૧૯૮૩ની સ્થિતિ |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | બેન્કોની મુદતી લોન પર ચઢેલુ પરંતુ લેણું ન થતું વ્યાજ | ૧,૪૪,૭૨૭/- | ૧,૪૬,૬૮૩/- |
| ૨. | સરકાર તરફથી મળેલ વણવપરાયેલ આર્થિક સહાય અને ગ્રાન્ટ | ૬૩,૪૧,૪૦૦/- | ૩૩,૭૩,૧૬૨/- |
| ૩. | બેન્કોનાં ચાલુ અને બચત ખાતાઓનું ક્રેડીટ બેલેન્સ | ૨,૦૫,૧૮૨/- | ૩,૩૪,૬૨૦/- |
| ૪. | બીજી ચાલુ જવાબદારીઓ | ૧,૮૧,૨૯૮/- | ૨,૨૭,૦૭૦/- |
| ૫. | ટ્રાયલ બેલેન્સમાં તફાવત | ૧૮,૩૮૪/- | ૨૦,૯૪૩/- |
| | કુલ રૂપિયા | ૬૮,૯૦,૯૯૧/- | ૪૧,૦૨,૪૭૮/- |

# આવક અને ખર્ચખાતાનાં પરિશિષ્ટો

## પરિશિષ્ટ આઈ

| વિગત<br>૧. | તા. ૩૧/૩/૮૪ના રોજની સ્થિતિ<br>૨. | તા. ૩૧/૩/૮૩નાં રોજની સ્થિતિ<br>૩. |
|---|---|---|
| **કર્મચારીઓ/ડીરેકટરોને ચુકવાણું તથા જોગવાઈઓ :** | | |
| (૧) વહીવટી સંચાલકનું વેતન | ૩૭,૪૭૮/– | ૪૯,૮૬૬/– |
| (૨) અધ્યક્ષશ્રીનું માનદ વેતન | ૧૨,૦૦૦/– | ૧૨,૦૦૦/– |
| (૩) કર્મચારીઓનો પગાર અને ભથ્થાં | ૧૨,૦૩,૧૫૮/– | ૧૦,૧૦,૪૨૦/– |
| (૪) મુસાફરી ભથ્થું અને વાહન ભથ્થુ | | |
| (અ) વહીવટી સંચાલક | ૧૨,૯૪૭/– | ૧૭,૧૫૭/– |
| (બ) નિયામક મંડળના સભ્યશ્રીઓ અને અધ્યક્ષ | ૨૩,૩૦૨/– | ૩૨,૮૫૧/– |
| (ક) કર્મચારીઓ | ૧,૦૪,૧૯૫/– | ૯૭,૧૬૬/– |
| પેટા સરવાળો | (૪) કુલ ૧,૪૦,૪૪૪/– | ૧,૪૭,૧૭૪/– |
| (૫) મીટીંગમાં હાજરી આપ્યા બદલની નિયામક મંડળના સભ્યોની સીટીંગ ફી | ૪,૪૫૦/– | ૫,૨૦૦/– |
| (૬) પ્રતિનિયુક્તિના કર્મચારીઓનો રજા પગારનો ફાળો | ૧૫,૪૦૬/– | ૧,૨૧૨/– |
| (૭) પ્રતિનિયુક્તિના કર્મચારીઓનો નિવૃત્તિ વેતનનો ફાળો | ૧૯,૧૯૦/– | ૧,૪૭૩/– |
| (૮) તબીબી સારવારનું પરત ભરપાઈનું ખર્ચ | ૨૭,૩૯૦/– | ૩૪,૪૮૨/– |
| (૯) સી. પી. એફ. નો ફાળો | (આઈટમ નં. ૧ માં સમાવેશ થયેલ છે.) | ૧૩૩૪૧/– |
| કુલ | ૧૪,૫૯,૫૧૬/– | ૧૨,૭૫,૧૬૮/ |

# પરિશિષ્ટ એલ

હિસાબના ભાગરૂપ નોંધો :

) કંપની નફાના હેતુથી ધંધો કરતી ન હોઈ કંપની એક્ટનીકલમ નં. ૨૧૦(૨) ૧૯૫૬ મુજબ આવક અને ખર્ચ ખાતુ તૈયાર કરેલ છે.

.) બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની તા. ૪/૬/૮૨ના રોજ મળેલ ૧૪મી બેઠકમાં ઠરાવ થયા પ્રમાણે ખરાબ અને શંકાસ્પદ લોન માટે ૫%ની એડહોક ધોરણે જોગવાઈ કરવામાં આવી છે.

૩) માર્જીનમની ડીપોઝીટ યોજના હેઠળ બેંક દ્વારા અપાયેલ લોન ધિરાણમાં નુકશાન થવાના સંભવમાં ફાળે પડતી રકમની કંપનીની જવાબદારી માટે રૂા. ૩,૮૮,૪૮૭/–ની જોગવાઈ કરવામાં આવી છે.

૪) હિતાધીકારીઓને અપાયેલ ધીરાણ બીલ સલામત દર્શાવેલ છે. કારણ કે આવા ધિરાણમાંથી ખરીદેલ સંપતિ ઉપર કંપનીને કોઈ કાનૂની હક્ક નથી. તેમ છતા દુધાળા ઢોરોની ખરીદી માટેના ધિરાણમાં કંપની લાભાર્થી વતી વીમો લેછે વીમા પોલીસી કંપનીના કબજામાં રહે છે.

૫) કંપનીની આવકને આવકવેરામાંથી આવકવેરા ધારાની કલમ ૧૦(૨૬. બી) મુજબ આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે તેથી આવકવેરા અંગે કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.

(૬) કંપનીના પ્રતિનિયુક્તિ ઉપરના કર્મચારીઓની રજા પગાર અને પેન્શન ફાળાની જવાબદારી રોકડના ધોરણે કરવામાં આવેલ છે.

(૭) નિગમ વિરુદ્ધ અકસ્માતનો રૂા. ૪૪૬૧૨/–નો દાવો નિગમે દેવા તરીકે દર્શાવેલ નથી જેથી તેની જોગવાઈ કરવામાં આવી નથી.

(૮) કંપની એક્ટ ૧૯૫૬ ના ભાગ–૨ ના પરિશિષ્ટ–૬ નો ફકરો ૩ અને ૪ ની જોગવાઈ મુજબ વધારાની માહિતી

(અ) આ કંપની ઉત્પાદક કંપની ન હોઈ ભાગ–૨ના પરિશિષ્ટ ૬ના પેરા ૪ સી અને ૪ ડી મુજબ જરૂરી માહીતી તથા નફા અને નુકશાન ખાતુ આપેલ નથી.

(બ) કંપનીના મહેકમ માટે કરવામાં આવેલ ખર્ચનું વર્ગીકરણ નીચે મુજબ છે.

| વિગત. | વર્ષ દરમિયાન ૩૬૦૦૦થી વધુ મહેનતાણું મેળવતા મહેકમની વિગત. | | વર્ષનાં કોઈપણ ભાગ માટે માસિક રૂા. ૩૦૦૦થી ઓછી નહી તેટલુ મહેનતાણું મેળવતા મેહેકમની વિગત. | |
|---|---|---|---|---|
| | ૧૯૮૩–૮૪ | ૧૯૮૨–૮૩ | ૧૯૮૩–૮૪ | ૧૯૮૨–૮૩ |
| (૧) કર્મચારીની સંખ્યા :- | — | ૧ | ૨ | — |
| (૨) પગાર અને ભથ્થા :- | — | ૪૯,૮૬૬ | ૩૬,૮૧૮ | — |

(૯) આગલા વર્ષના આંકડાને રીગ્રુપ કરી બાકીના આંકડાઓને જરૂર જણાય તે પ્રમાણે ચાલુ વર્ષના આંકડા જોડે સરખામણી કરી મૂકેલ છે.